# કાપણી પછી તરત જ  ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવાનો નિર્ણય ખેડૂતો લઈ શકે છે

ગુજરાતમાં સતત છેલ્લા છ વર્ષથી સારું ચોમાસું રહેલ છે અને ચાલું  ખરીફ ૨૦૨૪–૨૫ પણ ખુબજ સારું રહેલ.  જો કે ઘણા જિલ્લાઓમાં, ખાસ કરીને મગફળીનાં પાકને ખાસ્સું નુકસાન થયેલ છે.  આ વર્ષે ચોમાસું જૂનના ચોથા સપ્તાહમાં સમયસર બેસી ગયેલ હતું અને મગફળીનું વાવેતર જુલાઈ ૨૦૨૪, ના ત્રીજા સપ્તાહમાં પૂર્ણ થઈ ગયું હતું, જે અંદાજે ૧૯.૧૮ લાખ હેક્ટર જેટલું થયેલ છે, જે ગત વર્ષે ૧૬.૩૫ લાખ હેક્ટર હેક્ટર જેટલું હતું. ચાલું વર્ષે વરસાદની વહેચણી યોગ્ય રહેલ જેથી ઉપજ સારી મળશે. ગુજરાતમાં ચાલું વર્ષે ખરીફ મગફળીનું ઉત્પાદન ૫૮ લાખ ટન જેટલું વિક્રમજનક  થવાનો અંદાજ છે (પ્રથમ આગોતરો અંદાજ તા. ૨૩–૦૯–૨૦૨૪) જે ગત વર્ષે ૪૫ લાખ ટન જેટલું હતું.

દેશમાં ચાલું વર્ષે ખરીફ મગફળીનું વાવેતર, ગત વર્ષનાં ૪૦.૪૪ લાખ હેક્ટર કરતાં વધીને અંદાજે ૪૭.૮૫ લાખ હેક્ટર જેટલુ થયેલ છે,  અને ઉત્પાદન પણ વધારે અંદાજે ૧૦૩ લાખ ટન જેટલું થશે (પ્રથમ આગોતરો અંદાજ  તા. ૫–૧૧–૨૦૨૪) જે ગત વર્ષે ૮૭ લાખ ટન જેટલું હતું.

દેશમાંથી ચાલું વર્ષે ૬.૮૧ લાખ ટન જેટલી મગફળી (સિંગદાણા)ની નિકાસ થયેલ જે ગત વર્ષે ૬.૬૯ લાખ ટન હતી અને ચાલું વર્ષે અંદાજીત ૧૦ લાખ ટન જેટલી નિકાસ થશે. તે ઉપરાંત, વર્ષ    ૨૦૨૩–૨૪માં અંદાજીત ૧.૨૬ લાખ ટન સીંગતેલની નિકાસ થયેલ. આથી મગફળીના ભાવ ઓક્ટોબર–નવેમ્બર ૨૦૨૩ માં મણના રૂ. ૧૩૦૦ જેટલા હતાં, જે  જૂન ૨૦૨૪ સુધી આ સપાટી આજુબાજુ રહેલ. ત્યારબાદ ખરીફ ૨૦૨૪–૨૫ માં મગફળીનું વાવેતર વધતા તેના ભાવ ઘટેલ છે. હાલ ગુજરાતની વિવિધ બજારોમાં મગફળીનો ભાવ મણના રૂ. ૧૨૦૦ જેટલો પ્રવર્તમાન છે,  જે કાપણી સમયે આ સપાટી આસપાસ રહેવાની શક્યતા છે. સને ૨૦૨૪–૨૫ માટે ભારત સરકારશ્રીએ મગફળીનો ટેકનો ભાવ મણનાં રૂ. ૧૩૫૬.૬૦ (ક્વિન્ટલ દીઠ રૂ. ૬૭૮૩) નક્કી કરેલ છે, જે ગત વર્ષે મણના રૂ. ૧૨૭૫.૪૦ હતાં.

ગત વર્ષ ૨૦૨૩–૨૪ દેશમાં તેલીબિયાનું કુલ ઉત્પાદન  આશરે ૩૬૯.૭ લાખ ટન થયેલ હતું. જે અગાઉના  વર્ષની સરખામણીમાં ૪ ટકા ઓછું હતુ. વર્તમાન ખરીફ તેલીબિયાનું ઉત્પાદન  ૨૫૭ લાખ ટન થવાનો અંદાજ છે. જે ગત વર્ષે ૨૪૨ લાખ ટન થયેલ હતુ.  વર્ષ ૨૦૨૩–૨૪ દેશમાં  ખાદ્યતેલની આયાત ૧૫૫ લાખ ટન થયેલ હતી. જે  ગત વર્ષ ૨૦૨૨–૨૩માં ૧૫૭ લાખ ટન થયેલ હતી. ચાલું વર્ષે એપ્રિલ થી સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં દેશમાં ૮૮  લાખ ટન જેટલા ખાદ્યતેલની આયાત થયેલ છે.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે ગોંડલ અને રાજકોટ માર્કેટિંગ યાર્ડનાં મગફળીના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ. જેના તારણ મુજબ એવું અનુમાન છે કે, **મગફળીનો ભાવ નવેમ્બર થી ડિસેમ્બર ૨૦૨૪ દરમ્યાન મણનાં રૂ. ૧૧૫૦ થી ૧૨૮૦ (ક્વિન્ટલ દીઠ રૂ. ૫૭૫૦– ૬૪૦૦) રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને  ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરીને, મગફળીનો સંગ્રહ ન કરતા, કાપણી પછી તરત જ શક્ય તેટલો જથ્થો ટેકાના ભાવે (ખરીદ કેન્દ્રો ખાતે માર્કેટ યાર્ડમાં) વેચાણ કરવા સુચન છે.

આ વર્ષે, ખાસ કરીને ગુજરાતમાં મગફળીનાં ઉંચા ઉત્પાદનનો અંદાજ તેમજ ખાદ્યતેલની બહોળા પ્રમાણમાં થતી આયાતને ધ્યાને લેતા નજીકના ભવિષ્યમાં તેના ભાવ વધવાની શક્યતા ઓછી છે. જો કે, ટેકાનો ભાવ બજારને સારો ટેકો આપશે.